રાજય ચૂંટણી આયોગ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧–૦૮–૨૦૧૭

ક્રમાંક : રાચઆ–ચટણ–સમક–નપા–જાફરાબાદ–યુનિટ–૬–૦૮૨૦૧૭

**જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :**

---

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ–૬ ની પેટા કલમ–૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ ની પેટા કલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ તથા કલમ–૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી–૧૩૪–ઓફ ૨૦૧૭–એનપીએલ–૪૫૨૦૧૬/૩૩૦૭–એમ., તા.૧૯–૬–૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **જાફરાબાદ** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **જાફરાબાદ** નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની **કુલ–૨૮** બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૪૯–૧૯૯૪–એનએમપી–૪૫૯૩–૩૬૫૫–એમ, તા.૧૬–૩–૧૯૯૪ અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ **૨૭૧૬૭** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને **૭** વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ **૩૮૮૧** ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે ૩(ત્રણ) વોર્ડ સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે કોઈપણ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ થયેલ નથી.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત જાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૪૧૯૭ | ૨૧૭ | ૫.૧૭ |
| ૨ | ૬ | ૩૭૪૨ | ૯૪ | ૨.૫૧ |
| ૩ | ૨ | ૪૨૪૨ | ૮૨ | ૧.૯૩ |
| ૪ | ૫ | ૪૧૧૧ | ૭૧ | ૧.૭૨ |
| ૫ | ૭ | ૩૮૭૩ | ૯ | ૦.૨૩ |
| ૬ | ૩ | ૩૩૨૯ | ૦ | ૦.૦૦ |
| ૭ | ૪ | ૩૬૭૩ | ૦ | ૦.૦૦ |
| | કુલ | ૨૭૧૬૭ | ૪૭૩ | -- |

૧૩. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૫ | ૪૧૧૧ | ૧૪૧ | ૩.૪૨ |
| ૨ | ૧ | ૪૧૯૭ | ૨૬ | ૦.૬૧ |
| ૩ | ૬ | ૩૭૪૨ | ૧ | ૦.૦૨ |
| ૪ | ૭ | ૩૮૭૩ | ૧ | ૦.૦૨ |
| ૫ | ૨ | ૪૨૪૨ | ૦ | ૦.૦૦ |
| ૬ | ૩ | ૩૩૨૯ | ૦ | ૦.૦૦ |
| ૭ | ૪ | ૩૬૭૩ | ૦ | ૦.૦૦ |
| | કુલ | ૨૭૧૬૭ | ૧૬૯ | -- |

૧૪. જાહેરનામા અન્વયે ૩ **બેઠકો પછાતવર્ગો** માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી **૧ બેઠક આ વર્ગની સ્ત્રી** માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૫. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

**જાફરાબાદ** નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | પછાતવર્ગની વસતિ (અંદાજિત) | વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૩૩૨૯ | ૩૨૭૯ | ૯૮.૪૯ |
| ૨ | ૪ | ૩૬૭૩ | ૩૬૦૮ | ૯૮.૨૩ |
| ૩ | ૭ | ૩૮૭૩ | ૩૭૬૮ | ૯૭.૨૮ |
| ૪ | ૬ | ૩૭૪૨ | ૩૨૩૫ | ૮૬.૪૫ |
| ૫ | ૫ | ૪૧૧૧ | ૩૫૧૧ | ૮૫.૪૦ |
| ૬ | ૨ | ૪૨૪૨ | ૩૪૯૨ | ૮૨.૩૧ |
| ૭ | ૧ | ૪૧૯૭ | ૩૦૯૨ | ૭૩.૬૭ |
| | કુલ | ૨૭૧૬૭ | ૨૩૯૮૫ | -- |

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૩,૪ અને ૭ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૩ અને ૭ માં પછાતવર્ગની અને વોર્ડ નં.૪ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૩ | પછાતવર્ગ |
| ૨ | ૪ | પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ૭ | પછાતવર્ગ |

૧૬. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૧૭. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **જાફરાબાદ** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૧૮. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નક્કી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૧૯. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજ્ય ચૂંટણી આયોગ **જાફરાબાદ** નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,**

( મહેશ જોશી )
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

# અનુસૂચિ-૧

## જાફરાબાદ નગરપાલિકા, જિલ્લો : અમરેલી

વોર્ડ નં.૧

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર ઘર નંબરો તથા હદનુ વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત<br>ઘર નંબરથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા વસ્તી | કૂલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૩૨ | ૮ | ૧ | ૮૬૭ | ૧ થી ૧૦૯ | એન.સી.સી.એલ.કોલોની, |
| | ૩૩ | ૧૩ | ૧૦ | ૭૮૫ | ૧ થી ૧૭૬ | બગીચા, હાઈસ્ફૂલ વિસ્તાર, ટોકીઝ પાછળની વાડી, કીલો, રામઠોરા, ઈદગાહ વાડી, |
| | ૩૪ | ૩૦ | ૫ | ૩૭૦ | ૧ થી ૧૨૪ | વિશ્વભારતી સોસાયટી |
| | ૩૫ | ૨૪ | ૦ | ૩૮૫ | ૧ થી ૧૩૨ | સાંઈનાથ સોસાયટી, ગાયત્રી સોસાયટી, વિવેકાનંદસોસાયટી, વાડી વિસ્તાર, કૃષ્ણનગર સોસાયટી, |
| | ૩૬ | ૦ | ૦ | ૬૫૧ | ૧ થી ૧૮૫ | વાપળીયા ખંઢેરા વાડી વિસ્તાર |
| | ૩૭ | ૦ | ૦ | ૩૫૯ | ૧ થી ૧૦૮ | વાપળીયા મફતપ્લોટ |
| | ૪૦ | ૧૪૨ | ૧૦ | ૭૮૦ | ૧ થી ૧૬૧ | મોચીવાડ પ્લોટ એરટેલ ટાવર બાજુનો વિસ્તાર, જે.પી. સોસાયટી, ઈદગાહ સોસાયટી |

વોર્ડ નં.૧ ની હદનું વર્ણન :-

વાયવ્ય રોડથી પૂર્વ તરફ પશુ દવાખાનું, વાપળીયા વાડી, કૃષ્ણનગર સોસાયટી વિવેકાનંદ સોસાયટી, વિશ્વભારતી સોસાયટીને આવરી લઈ સર્વે નં.૧૬૯, ૧૬૮, ૧૬૪ ને આવરી લઈ ટોકિઝ પાછળની વાડી આવરી લઈ, સર્વે નં. ૧૫૯,૧૧૮,૧૫૭,૧૭૬,૧૮૮,૨૦૫ ને આવરી લઈ વાયવ્ય તરફ રોડ સુધીનો અંદરનો તમામ સમાવિષ્ટ વિસ્તાર.

# જાફરાબાદ નગરપાલિકા, જિલ્લો : અમરેલી

## વોર્ડ નં.૨

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર ઘર નંબરો તથા હદનુ વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત<br>ઘર નંબરથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | ૧ | ૮૨ | ૦ | ૬૦૧ | ૧ થી ૧૭૫ | દલિતવાસ, ખેતલિયાવાડી, ટાવરથી મહાજનવાડી મેઈન રોડ, મહાજનગલી, આંબલીપેઢા |
| | ૨ | ૦ | ૦ | ૪૪૩ | ૧ થી ૧૮૦ | મેઈનબજાર, નવીબજાર, સાગર કોમ્પ્લેક્ષ |
| | ૩ | ૦ | ૦ | ૬૯૧ | ૧ થી ૧૨૯ | મોટાખારા, કુંભારવાડા, નાનાખાર, ભુતિયાખારા |
| | ૪ | ૦ | ૦ | ૩૩૪ | ૧ થી ૧૦૬ | નવઘર, ધાણીભરીયા, નવઘરાબજાર, રાણપીર |
| | ૫ | ૦ | ૦ | ૫૫૪ | ૧ થી ૧૮૧ | સાંકડીશેરી, રાદલશેરી, રામદેવપીરની શેરી, કુંભારવાડા |
| | ૬ | ૦ | ૦ | ૩૯૫ | ૧ થી ૧૫૫ | બાલાપીરની શેરી, મોટીશેરી, ખાટકીશેરી, નેશડાશેરી |
| | ૭ | ૦ | ૦ | ૪૮૯ | ૧ થી ૧૮૦ | પારશીશેરી, કામનાથ મંદિર વિસ્તાર |
| | ૮ | ૦ | ૦ | ૨૮૪ | ૧ થી ૧૦૪ | મોટીશેરી, બલાડદેવની શેરી, |
| | ૯ | ૦ | ૦ | ૪૫૧ | ૧ થી ૧૬૩ | ગોવિંદગલી, બંદરરોડ વિસ્તાર, મેઈનબજાર રોડ |

## વોર્ડ નં.૨ ની હદનું વર્ણન :-

વાયવ્ય રોડને અડીને પૂર્વ તરફ શાગર શાળા, બંદર વિસ્તાર આવરી લઇ ઇશાન ખૂણે પોટે ઓફિસ આવરી લઇ મેઇન બજાર, બલાડશેરી, રાણપીર,આંબલીપેઢા આવરી લઇ અગ્નિ ખૂણા તરફ ટાવર ચોક આવરી લઇને નવી બજાર, સાગર કોમ્પ્લેક્ષ, કુંભારવાડા, મહાજનગલી સર્વે નં. ૧૬૩ મેઇન બજાર, હનુમાનજી મંદિર આવરી લઈ વાયવ્ય તરફ રોડ સુધીના તમામ સમાવિષ્ટ વિસ્તાર.

# જાફરાબાદ નગરપાલિકા, જિલ્લો : અમરેલી

## વોર્ડ નં.3

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર ઘર નંબરો તથા હદનુ વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત<br>ઘર નંબરથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ |
| 3 | ૧૦ | ૦ | ૦ | ૫૭૮ | ૧ થી ૧૪૩ | જૂનું ગામતળ, શીતળામાતાના મંદિર પાસેનો વિસ્તાર |
| | ૧૧ | ૦ | ૦ | ૬૮૫ | ૧ થી ૧૨૪ | પરશુરામ સોસાયટી, શ્રીરંગ સોસાયટી, રત્નાકર સોસાયટી |
| | ૧૨ | ૦ | ૦ | ૫૦૬ | ૧ થી ૧૩૪ | ભૂતડાદાદા પાસેનો વિસ્તાર, ગોપાલનગર સોસાયટી |
| | ૧૪ | ૦ | ૦ | ૫૧૧ | ૧ થી ૧૧૮ | બાલકૃષ્ણ સોસાયટી, મફત પ્લોટ |
| | ૧૬ | ૦ | ૦ | ૧૦૪૯ | ૧ થી ૨૨૯ | ખોડીયારમંદિર વિસ્તાર, ખોડીયારમંદિર પાસેનો મફત પ્લોટ |

### વોર્ડ નં.3 ની હદનું વર્ણન :-

વાયવ્ય ખૂણે રામાપીર મંદિર પૂર્વ તરફ રત્નાકર સોસાયટી, ભૂતડાદાદા પાસેનો વિસ્તાર, મફત પ્લોટ, બાલકૃષ્ણ સોસાયટી, ખોડીયાર મંદિર વિસ્તાર, પરશુરામ સોસાયટી-૨ જૂનું ગામતળ, શીતળામાતા મંદિર વિસ્તાર આવરી લઇ સર્વે નં.૨૭૯ આવરી લઇ વાયવ્ય તરફ રામાપીર મંદિર સુધીના અંદરનો તમામ સમાવિષ્ટ વિસ્તાર

# જાફરાબાદ નગરપાલિકા, જિલ્લો:અમરેલી

## વોર્ડ નં.૪

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર ઘર નંબરો તથા હદનુ વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત<br>ઘર નંબરથી ઘર નંબર સુધી | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | ૧3 | ૦ | ૦ | ૬૨૯ | ૧ થી ૧૧૮ | મહાકાલી મંદિર પાસેનો મફત પ્લોટ, ગોપાલનગર પાસેનો મફત પ્લોટ |
| | ૧૫ | ૦ | ૦ | ૮૭૦ | ૧ થી ૧૭૩ | નકટાનીવાવ પાસેનો મફત પ્લોટ, રામમંદિર બાજુનો મફત પ્લોટ |
| | ૧૭ | ૦ | ૦ | ૯૫૪ | ૧ થી ૨૪૯ | રામદેવપીર મંદિર વિસ્તાર, બાગ પાસેનો મફત પ્લોટ |
| | ૧૮ | ૦ | ૦ | ૬૯૮ | ૧ થી ૧૯૨ | રામજનતા સોસાયટી, હનુમાન મંદિર સામેનો પ્લોટ |
| | ૧૯ | ૦ | ૦ | ૫૨૨ | ૧ થી 331 | ગોલ્ડન સોસાયટી, લાલબત્તી વિસ્તાર, ફિશિંગ કેમ્પ વિસ્તાર |

## વોર્ડ નં.૪ ની હદનું વર્ણન :-

વાયવ્ય ખૂણે રામદેવપીર મંદિર વિસ્તાર, દરિયાપીર મંદિર, રામ મંદિર પાસેનો પ્લોટ, નકટાની વાવ પાસેનો મફત પ્લોટ, મહાકાલી મંદિર પાસેનો મફત પ્લોટ, ગોપાલનગર પાસેનો મફત પ્લોટ આવરી લઇ હનુમાન મંદિર સામેનો પ્લોટ, ગોલ્ડન સોસાયટી, ફિશિંગ કેમ્પ વિસ્તાર, લાલબત્તી વિસ્તાર આવરી લઇ વાયવ્ય ખૂણે રામદેવપીર મંદિર વિસ્તાર સુધીના અંદરનો તમામ સમાવિષ્ટ વિસ્તાર

# જાફરાબાદ નગરપાલિકા, જિલ્લો : અમરેલી

## વોર્ડ નં.પ

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર ઘર નંબરો તથા હદનુ વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | | | | | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા વસ્તી | કુલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫ | ૨૬ | ૯ | ૮ | ૪૯૨ | ૧ થી ૧૫૨ | ઢોરાણીયા, મોટાઉચાણીયા |
| | ૨૭ | ૫ | ૧ | ૫૩૧ | ૧ થી ૧૫૫ | નાનાઉચાણીયા, ચોરડીનાકા, સુથારનો ડેલો, બ્રાહ્મણ શેરી |
| | ૨૮ | ૦ | ૦ | ૪૪૭ | ૧ થી ૧૩૨ | બ્રાહ્મણ શેરી,બાવાશેરી,શાકમાર્કેટ પાછળનો વિસ્તાર, બોડી બજાર |
| | ૨૯ | ૦ | ૧૨૦ | ૭૩૫ | ૧ થી ૧૦૨ | નેશડી મોહલ્લા વિસ્તાર |
| | ૩૦ | ૩૬ | ૦ | ૭૪૨ | ૧ થી ૧૩૫ | કોળીવાડ,પાણીના ટાંકા પાસેનો મફતપ્લોટ, ફિશરીઝ કોલોની, જી.ઈ.બી રોડ |
| | ૩૧ | ૨૧ | ૧૨ | ૬૪૧ | ૧ થી ૧૨૫ | પોલીસ લાઈન મફત પ્લોટ, મીઠીવાવ વિસ્તાર, પોલીસલાઈન, જી.ઈ.બી ઓફિસ પોર્ટ કોલોની |
| | ૩૮ | ૦ | ૦ | ૫૨૩ | ૧ થી ૧૨૦ | કોળીવાડ, ખાડાવાળો પ્લોટ |

### વોર્ડ નં.પ ની હદનું વર્ણન :-

વાયવ્ય ખૂણે મોહંમદ બસીર કબ્રસ્તાનથી પૂર્વ તરફ પોસ્ટ ઓફિસ, ઢોરણીયા, એસ.બી.આઇ. એટીએમ, બોડી બજાર ઇશાન ખૂણે બાવાશેરી, આવરી લઇ બ્રાહ્મણશેરી, સુથારડેલો, ચોરડીનાકા, મીઠીવાવ વિસ્તાર કોળીવાડ, પાણીના ટાંકા પાસેનો મફત પ્લોટ આવરી લઈ વાયવ્ય તરફ મોહંમદ બસીર કબ્રસ્તાન સુધીના અંદરનો તમામ સમાવિષ્ટ વિસ્તાર

# જાફરાબાદ નગરપાલિકા, જિલ્લો : અમરેલી

## વોર્ડ નં.૬

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર ઘર નંબરો તથા હદનુ વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | | | | | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા વસ્તી | કૂલ વસ્તી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬ | ૩૯ | ૦ | ૦ | ૬૮૩ | ૧ થી ૧૨૩ | કોળીવાડ અંબે માંતાના મંદિર પાસેનો પ્લોટ મોચીવાડ મફત પ્લોટ, ટેલીફોન એક્ષ્ચેન્જ |
| | ૪૧ | ૦ | ૧ | ૫૫૭ | ૧ થી ૧૪૦ | પોર્ટ કોલોની, યોગેશ્વર સોસાયટી, ગીતાજયોતિ સોસાયટી, જલારામ સોસાયટી |
| | ૪૨ | ૯૪ | ૦ | ૭૧૪ | ૧ થી ૧૫૬ | વાણંદશેરી, વણકરવાસ, ધોબીશેરી, કોળીવાડ, માયાકબાનો ડેલો, ગઢિયાશેરી, વડલાશેરી, કીડીયાપીરની શેરી, કોળીવાડ નવાચોરા વિસ્તાર |
| | ૪૩ | ૦ | ૦ | ૪૪૭ | ૧ થી ૧૦૭ | શીયાળશેરી, નવાચોરા, કોળીવાડ, મોટાવાડા કોળી ગનાતીની વાડી વિસ્તાર |
| | ૪૫ | ૦ | ૦ | ૬૫૫ | ૧ થી ૧૨૮ | કોળીવાડ પાણીના ટાંકાથી આઈડીયા ટાવર, સાંખટોની વાડી, માયાતાની વાડી, |
| | ૪૬ | ૦ | ૦ | ૬૮૬ | ૧ થી ૧૧૪ | કોળીવાડ મફતપ્લોટ, વડલાબાજુનો મફત પ્લોટ, ખોડીયાર માતાના મંદિર પાસેનો પ્લોટ |

## વોર્ડ નં.૬ ની હદનું વર્ણન :-

વાયવ્ય ખૂણે જલારામ સોસાયટીથી પૂર્વ ગીતાજયોતિ સોસાયટી સર્વે નં.૧૧૯ પોર્ટ કોલોની, કોળીવાડ, નવાચોરા વિસ્તાર, ગઢીયાશેરી, માયાકબાનો ડેલો, ધોબી શેરી, વાણંદશેરી, વણકરવાસ, સ્કૂલ, ખોખરા મસ્જિદ, આવરીલઇ સર્વે નં.૪૭ ગણેશ મંદિર, વડલા બાજુનો મફત પ્લોટ, કોળીવાડ પાણીનાં ટાંકાથી આઇડીયા ટાવર થઇ કોળીવાડ મફત પ્લોટ,અંબાજી મંદિર થઇ બી.એસ.એન.એલ. ટાવર આવરી લઇ વાયવ્ય તરફ જલારામ સોસાયટી સુધી નો અંદરનો તમામ સમાવિષ્ટ વિસ્તાર

# જાફરાબાદ નગરપાલિકા, જિલ્લો : અમરેલી

## વોર્ડ નં.૭

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લતાવાર ઘર નંબરો તથા હદનુ વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા વસ્તી | અ.જ.જા વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૭ | ૨૦ | ૦ | ૦ | ૪૯૭ | ૧ થી ૧૦૫ | તુર્કી મોહલ્લા, માસીકોઠા, પીપળા ફળિયું, પરમાર શેરી |
| | ૨૧ | ૦ | ૦ | ૪૯૭ | ૧ થી ૧૦૫ | તુર્કી મોહલ્લા, લાતીસામે ખારાપટ, હુસેનીચોક, પટેલશેરી, પઠાણશેરી, |
| | ૨૨ | ૦ | ૦ | ૪૯૨ | ૧ થી ૧૧૮ | તુર્કી મોહલ્લા, ખારાપટ, લાઈટહાઉસ રોડ, મફત પ્લોટ |
| | ૨૩ | ૦ | ૦ | ૫૦૯ | ૧ થી ૧૦૭ | લાઈટહાઉસ રોડ, મફત પ્લોટ, જવાહર સોસાયટી |
| | ૨૪ | ૦ | ૦ | ૫૯૨ | ૧ થી ૧૩૬ | લાઈટહાઉસ રોડ, મફત પ્લોટ |
| | ૨૫ | ૯ | ૧ | ૬૫૧ | ૧ થી ૧૪૩ | સૈફુલ્લા સોસાયટી, તળાવબાજુનો પ્લોટ પોર્ટ ક્વાર્ટર, લાઈટ હાઉસ |
| | ૪૪ | ૦ | ૦ | ૬૬૫ | ૧ થી ૧૨૯ | કોળીવાડ,પીપળાશેરી, હાકાશેરી, બકરાડેલી, બારેયાશેરી, ગુદીશેરી |

## વોર્ડ નં.૭ ની હદનું વર્ણન :-

**પબ્લિક લાઇબ્રેરીથી પૂર્વ તરફ ઇન્ડસ ટાવર, કબ્રસ્તાન, સર્વે નં. ૪૩ સૈફુલ્લા સોસાયટી, લાઇટહાઉસ રોડ, મફત પ્લોટ, સર્વે નં.૪૨, ૪૧, ૨૫, ૨૪, ૩૮, ૩૭, ૩૬, ૩૫, ૩૪ આવરી લઇ ગોરપીળા મસ્જિદ, જાગતપીર આવરી લઇ ગુદીશેરી, બારૈયાશેરી, હાકાશેરી, પીપળાશેરી, બારૈયાશેરી થઇ હુસેનીચોક, તુર્કી મહોલ્લા, માસીકોઠા, તુર્કી મોહલ્લા, ખારાપટ આવરી લઇ વાયવ્ય તરફ પબ્લિક લાઇબ્રેરી સુધીનો સમાવિષ્ટ તમામ** વિસ્તાર.

( મહેશ જોશી )
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

# અનુસૂચિ–૨

## રાજય ચૂંટણી આયોગ
## ગુજરાત રાજય
## ગાંધીનગર

| | | |
|---|---|---|
| **જાફરાબાદ** નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ | ૨૭૧૬૭ | |
| કુલ વોર્ડની સંખ્યા | ૭ | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતિ | ૩૮૮૧ | સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૪૨૬૯<br>સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૪૯૩ |
| બેઠકોની સંખ્યા | ૨૮ | |
| કુલ સ્ત્રી બેઠકો | ૧૪ | |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૦ | તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી. |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૦ | તે પૈકી સ્ત્રી બેઠક ફાળવેલ નથી. |
| પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૩ | તે પૈકી ૧ સ્ત્રી બેઠક ફાળવેલ છે. |
| કુલ અનામત બેઠકો | ૧૬ | |
| સામાન્ય બેઠકો | ૧૨ | |

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૪૧૯૭ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૨ | ૨ | ૪૨૪૨ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૩ | ૩ | ૩૩૨૯ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૪ | ૪ | ૩૬૭૩ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૫ | ૫ | ૪૧૧૧ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૬ | ૬ | ૩૭૪૨ | સામાન્ય | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૭ | ૭ | ૩૮૭૩ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| | કુલ | ૨૭૧૬૭ | | | | |

( મહેશ જોશી )
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર